Extra No. 203

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

**Vol. LXVII ]** **WEDNESDAY, JULY 29, 2026 / SRAVANA 07, 1948**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**


# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ**

File No: KHD/MAG/e-file/450/2026/2385/MAG BRANCH.-નર્મદા મુખ્ય નહેર જે કેવડીયાથી રાજસ્થાન સુધી કુલ ૪૫૮.૦૦૦ કિ.મી સુધી વિસ્તરેલ છે, તે પૈકી સાંકળ ૧૪૪.૫૦૦ કિ.મી. થી ૨૯૩.૫૦૧ કિ.મી. નાં નહેરના સંચાલન અને મરામતની કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ નં. ૨, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. તેઓની કચેરી હસ્તકની નર્મદા મુખ્ય નહેર પર મોજે. લસુન્દ્રા, તા.ફાગવેલ, જિ.ખેડા ખાતે નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૧૬૯.૮૨૧ કિ.મી. (UVRB) પર બાંધવામાં આવેલ લક્ષ્મીપુરા- લસુન્દ્રાને જોડતા પુલ પરના બ્રીજના એબટમેંટ, પેરાપેટ વોલ, બોટમ સ્લેબ જર્જરીત થયેલ છે. સદર બ્રીજ પરથી વાહનોની અવર-જવર ચાલુ રાખવી જોખમકારક હોય, જેથી બ્રીજ પરથી અવર-જવર કરતાં વાહનોની સલામતીને ધ્યાનમાં રાખી તથા ભવિષ્યમાં કોઈ જાનહાનિ ન થાય તે હેતુથી સદર બ્રીજ પરથી વાહનોની અવર-જવર બંધ કરવા તથા બ્રીજ ઉપરના ટ્રાફિકને અન્ય વૈકલ્પિક જાહેર માર્ગો ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા (૧) કાર્યપાલક ઈજનેરશ્રી, ન.યો. મુખ્ય નહેર વિ.નં.૨, ગાંધીનગરનાઓએ તા.૧૯/૦૫/૨૦૨૬ ના પત્ર/જા.નં.સ.સ.ન.નિ.લી./ન.યો.મુ.ન.વિ.નં.૨/૧૬૯૮/૨૦૨૬ અને (૨) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ન.યો. મુખ્ય નહેર પે.વિ.નં.૨/૧, ઠાસરાનાઓએ તા. ૧૬/૦૭/૨૦૨૬ ના પત્ર જા.નં.ન.યો.મુ.ન.પે.વિ.નં.૨/૧/બ્રિજ ડાયવર્ઝન/ચે.૧૬૯ કિ.મી./૧૯૩/સને ૨૦૨૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે, જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદનાઓ પારો ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા તેઓશ્રીના પત્ર ક્રમાંક:એલઆઈબી / જાહેરનામું/૭૯૯/૨૦૨૬, તા.૦૬/૦૭/૨૦૨૬ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, ન.યો. મુખ્ય નહેર વિ.નં.૨, ગાંધીનગરની ઉકત દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા. ૨૨/૦૭/૨૦૨૬ થી તા.૧૫/૦૧/૨૦૨૭ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહારની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) લસુન્દ્રાથી લક્ષ્મીપુરા તરફ જતો તમામ વાહન વ્યવહાર.

2) લક્ષ્મીપુરાથી લસુન્દ્રા તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) લસુનદ્રાથી લક્ષ્મીપુરા તરફ જતો તમામ વાહન વ્યવહાર.

- લસુન્દ્રા થી ફાગવેલ રોડ, પોરડા કાગવેલ થઈ નર્મદા કેનાલ રોડ બ્રિજ, સાંઢેલી, ઓઝરાળા થઈ લક્ષ્મીપુરા તરફ જઈ શકાશે.

2) લક્ષ્મીપુરાથી લસુનદ્રા તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

- લક્ષ્મીપુરા થી ઓઝરાળા, સાંઢેલી ગામ, નર્મદા કેનાલ રોડ બ્રીજ, પોરડા ફાગવેલ થઈ લસુ. 0૬ તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય "સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા નાયબ 'કાર્યપાલક ઈજનેરશ્રી, ન.પો. મુખ્ય નહેર પે.વિ.નં.૨/૧, ઠાસરા (પેટા કચેરી) દ્વારા દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીઆદ તા.૨૨/૦૭/૨૦૨૬.

**જે. બી. દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

---

## જાહેરનામું

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ**

File No: KHD/MAG/e-file/450/2026/2423/MAG BRANCH.-નડીઆદ મહાનગરપાલિકા વિસ્તારમાં શ્રેયસ ગરનાળાથી પીજ રોડ ઉપર આવેલ કેનાલ સુધી રોડ બનાવવાની કામગીરી શરૂ કરવાની થતી હોય, શ્રેયસ ગરનાળાથી પીજ રોડ પર આવેલ કેનાલ સુધીનો રસ્તો અંદાજિત ૦૧ (એક) માસ માટે બંધ કરી સદર માર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર પર પ્રતિબંધ મુકવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ના.મ્યુનિ.કમિશ્નરશ્રી, નડીઆદ મહાનગરપાલિકાનાઓ દ્વારા તા.૦૯/૦૭/૨૦૨૬ ના પત્ર જા.નં.:એ/સીઈ/૬૩૫/૨૬/૨૭ પત્રથી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/નડીઆદ / ૮૪૨/૨૦૨૬, તા.૨૧/૦૭/૨૦૨૬ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડિયાદના અભિપ્રાય મુજબ, ઉક્ત કામગીરી દરમિયાન નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેર માર્ગ પર વાહનવ્યવહારની અવરજવર પર પ્રતિબંધ મૂકવા તેમજ પોઈન્ટ-B મુજબ દર્શાવેલ વૈકલ્પિક જાહેર માર્ગો પર સૂચિત પ્રકારનો વાહનવ્યવહાર ચાલુ રાખવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવા અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. ના.મ્યુનિ.કમિશ્નરશ્રી, નડીઆદ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલી દરખાસ્ત પ્રવર્તમાન પરિસ્થિતિમાં યોગ્ય, વાજબી તથા જાહેરહિતમાં આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૩/૦૭/૨૦૨૬ થી તા.૨૨/૦૮/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) ના સમય દરમ્યાન નીચેના જાહેર માર્ગો ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

(1) નડીયાદ શ્રેયસ ગરનાળાથી પીજ રોડ કેનાલ થઈ પીજ ચોકડી તરફ જતો વાહન વ્યવહાર.

(2) નડીયાદ પીજ ચોકડીથી પીજ રોડ કેનાલ થઈ શ્રેયસ ગરનાળા નડીયાદ તરફ જતો વાહન વ્યવહાર.

(3) નડીયાદ રામદેવપીર મંદિર તથા આજુ બાજુની સોસાયટીઓમાંથી શ્રેયસ ગરનાળા તરફ જતો વાહન વ્યવહાર.

(4) નડીયાદ ખોડીયાર ગરનાળાથી એન.ઈ.એસ. સ્કૂલ, શ્રેયસ ગરનાળા થઈ પીજ રોડ તરફ જતો વાહન વ્યવહાર.

(5) નડીયાદ સંતરામ રોડ તરફથી બસ સ્ટેન્ડ થઈ શ્રેયસ ગરનાળા તરફ જતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

(1) નડીયાદ શ્રેયસ ગરનાળાથી પીજ રોડ કેનાલ થઈ પીજ ચોકડી તરફ જતો વાહન વ્યવહાર,

- નડીયાદ શ્રેયસ ગરનાળા થી એન.ઈ.એસ.સ્કુલ રોડ, પવનચકકી રોડ, પરાગ સોસાયટી, પાણીની ટાંકી, રામદેવપીર મંદિર થઈ પીજ રોડ કેનાલ થી પીજરોડ અથવા રીંગ રોડ થઈ આગળ તરફ જઈ શકાશે.

(2) નડીયાદ પીજ ચોકડીથી પીજ રોડ કેનાલ થઈ શ્રેયસ ગરનાળા નડીયાદ તરફ જતો વાહન વ્યવહાર.

- પીજ ચોકડી થી કેનાલ, રીંગ રોડ થઈ બીએસએનએલ ઓફીસ, વલ્લભનગર, માઈ મંદિર ગરનાળા થઈ આગળ તરફ જઈ શકાશે.
- વલ્લભનગર થી પોલીસ સ્ટેશન થઈ શ્રેયસ ગરનાળા થી આગળ તરફ જઈ શકાશે.

(3) નડીયાદ રામદેવપીર મંદિર તથા આજુ બાજુની સોસાયટીઓમાંથી શ્રેયસ ગરનાળા તરફ જતો વાહન વ્યવહાર.

- નડીયાદ રામદેવપીર મંદિર થી પાણીની ટાંકી, પરાગ સોસાયટી, પવનચકકી રોડ, જુની જીલ્લા પંચાયત કચેરી થી ખોડીયાર ગરનાળા થઈ, મીશન રોડ થઈ આગળ તરફ જઈ શકાશે.

(4) નડીયાદ ખોડીયાર ગરનાળાથી એન.ઈ.એસ. સ્કૂલ, શ્રેયસ ગરનાળા થઈ પીજ રોડ તરફ જતો વાહન વ્યવહાર.

- નડીયાદ ખોડીયાર ગરનાળા થી પવનચકકી રોડ, પરાગ સોસાયટી, પાણીની ટાંકી, રામદેવપીર મંદિર થઈ પીજ રોડ કેનાલ થી પીજરોડ અથવા રીંગ રોડ થઈ આગળ તરફ જઈ શકાશે.

(5) નડીયાદ સંતરામ રોડ તરફથી બસ સ્ટેન્ડ થઈ શ્રેયસ ગરનાળા તરફ જતો તમામ વાહન વ્યવહાર.

- નડીયાદ સંતરામ રોડ તરફ થી બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, આર.ટી.ઓ. ત્રણ રસ્તા, સરદાર ભવન સર્કલ, રેલ્વે ઓવરબ્રિજ મીશન રોડ થઈ આગળ તરફ જઈ શકાશે.
- નડીયાદ સંતરામ રોડ તરફ થી નાના વાહનો નડીયાદ માઈ મંદિર થઈ આગળ તરફ જઈ શકાશે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા રેલ્વે વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

ખેડા-નડીઆદ તા.૨૨/૦૭/૨૦૨૬.

**જે. બી. દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

---



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.13 15:50:38 IST